# હસ્તિકુંડીના લેખો.

## ( ૩૧૮ )

આ ઉપયોગી શિલાલેખ, 'એપિગ્રાફિઆ ઇન્ડિકા' ના ૧૦ મા ભાગમાં ( પૃષ્ઠ ૧૭-૨૦ ) જોધપુર નિવાસી પંડિત રામકરણ દ્વારા પ્રકટ કરવામાં આવ્યો છે. લેખનું સ્થાન, તેનો ઇતિહાસ અને તેમાં આવેલી હકીકત સંબંધે ઉક્ત પંડિતજીએ જે વિવરણ આપેલું છે, તેનો સારાંશ આ પ્રમાણે છેઃ—

" આ લેખ ઉપર એક ન્હાનો નિબંધ મર્હુમ પ્રો. કિલહોર્ન સાહેબે લખ્યો હતો પરંતુ તે લેખ સંપૂર્ણ રીતે પ્રકટ કરવામાં



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવેલો ન હોવાથી, અને લેખની ઉપયોગિતા તરફ લક્ષ્ય કરતાં આ લેખ ફરીથી, મૂળ શિલાલેખની સાથે, જે હાલમાં જોધપુર મહારાજાની પરવાનગીથી અજમેરના સંગ્રહસ્થાન ( મ્યુઝીયમ ) માં મોકલી આપવામાં આવેલો છે, મેળવી, બની શકે ત્યાં સુધી એની પૂર્ણ અને શુદ્ધ નકલ તૈયાર કરવા માટે શ્રીયુત ડી. આર. ભાંડારકરે મ્હને લલચાવ્યો છે.

પ્રારંભમાં આ શિલાલેખ કૅપ્ટન બર્ટે, ઉદયપુર ( મેવાડ ) થી આબુ પર્વતની નજીકમાં આવેલા શીરોહી સહેર જતાં, રસ્તામાં, જોધપુર રાજ્યના વાલી પરગણા ( ગોડવાડ પ્રાંત ) ના બીજાપુર નામના ગામથી બે માઇલ દૂર આવેલા એક જૈન મંદિરના અંદરના દરવાજા પાસેથી ખોળી કાઢયો હતો. પછી એ લેખ ત્યાંથી બીજાપુરના જૈન મહાજનની ધર્મશાલામાં લઈ જવામાં આવ્યો અને ત્યાંથી રાજ્યના ઐતિહાસિક શોધખોળ કરનાર અધિકાર-વિભાગમાં આણવામાં આવ્યો. ત્યાંથી છેવટે ઉપર જણાવ્યા પ્રમાણે અજમેરના સંગ્રહસ્થાનમાં મોકલી દેવામાં આવ્યો છે.

આ લેખની એકંદર ૩૨ પંક્તિઓ છે, અને લગભગ ૨ ફુટ ૮ાા ઇંચ પહોળી અને ૧ ફુટ ૪ ઇંચ ઉંચી એટલી જગ્યામાં એ લખાયલો છે. લેખ જો કે ઘણી સારી રીતે સચવાયલો છે તો પણ કાળની અસરના લીધે કેટલોક ભાગ ખવાઈ–ઘસાઈ ગએલો છે અને પહેલી અને બીજી પંક્તિઓ વધારે ખરાબ થએલી છે. તથા કેટલાક બીજા પણ અક્ષરો આમતેમ છેકાઇ ગએલા છે. અક્ષરોનો માપ સરાસરી $\frac{૩}{૮}''$ છે, અને લિપિ નાગરી હોઇ પ્રો. કીલહોર્નના બતાવ્યા પ્રમાણે વિક્રમ સંવત્ ૧૦૮૦ ના વિગ્રહરાજના હર્ષલેખને મળતી છે. ૨૨ મી અને ૩૨ મી પંક્તિમાંના થોડાક ભાગ શિવાય બધો લેખ સંસ્કૃત પદ્યમાં છે.

ખરી રીતે જોતાં આ એકજ પત્થર ઉપર બે જુદા જુદા લેખો કોતરેલા છે. પહેલો લેખ જે ૪૦ પદ્યમાં પૂરો થયો છે, તે વિક્રમ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંવત્ ૧૦૫૩ નો છે. અને બીજો જે ૨૧ પદ્યોમાં લખાએલો છે, તે વિ. સં. ૯૯૬ માં કોતરાએલો છે. પ્રથમ લેખની ૨૨ પંક્તિઓ છે અને બીજાની ૧૦ છે.

[ એમ જણાય છે કે, મૂળ બંને લેખો જુદા જુદા કોતરવામાં આવેલા હશે પરંતુ તે જીર્ણ થઇ જવાથી અથવા તો બંનેને એક સાથે એકજ શિલામાં સંગ્રહી રાખવાની ઇચ્છાથી, પાછળથી કોઇએ આ લેખોની ફરી નકલ કરી છે. અસલ લેખ નથી. નહિ તો વિ. સં. ૧૦૫૩ ના નીચે ૯૯૬ નો લેખ કયાંથી હોઇ શકે.–સંગ્રાહક. ]

પહેલા લેખની રચના, છેવટના કાવ્યમાં જણાવ્યા પ્રમાણે, સૂર્યાચાર્યે કરી છે. પ્રારંભના બે કાવ્યોમાં જિન–દેવની સ્તુતિ કરવામાં આવી છે. ૩ જા કાવ્યમાં રાજવંશનું વર્ણન છે. પરંતુ કમનસીબે તેનું નામ જતું રહ્યું છે. ૪ થા કાવ્યમાં રાજા હરિવર્મ્માનું અને ૫ મામાં વિદ્ગ્ધરાજાનું વર્ણન છે. વિદગ્ધરાજા માટે, આ શિલા લેખના બીજા ભાગમાં જણાવ્યું છે તે પ્રમાણે તે રાષ્ટ્રકૂટ (રાઠોડ) વંશીય હતો. ૬ ઠા પદ્યમાં, એમ ઉલ્લેખ છે કે એ વિદગ્ધરાજાએ વાસુદેવ નામના આચાર્યના ઉપદેશથી હસ્તિકુંડીમાં એક જૈનમંદિર બનાવ્યું હતું. ૭ મા શ્લોકમાં કથન છે કે, એ રાજાએ પોતાના શરીરના ભાર જેટલું સુવર્ણદાન કર્યું હતું અને તે દાનના બે ભાગો દેવને અર્પણ કર્યા હતા અને એક ભાગ આચાર્યને ભેટ આપ્યો હતો. ( અર્થાત્ આચાર્યના કથન પ્રમાણે તેનો વ્યય કર્યો હતો. ) ૮ મા પદ્યમાં જણાવ્યા પ્રમાણે વિદગ્ધરાજાની ગાદીએ મંમટ નામનો રાજા આવ્યો અને તેની ગાદિએ ધવલરાજ બેઠો. આ છેલ્લાના વિષયમાં લગભગ ૧૦ કાવ્યો લખવામાં આવ્યાં છે, જેમાં આના યશ અને શૌર્યાદિગુણો વર્ણવામાં આવ્યાં છે. ૧૦ મા શ્લોકમાં ઉલ્લેખ છે કે–જ્યારે મુંજરાજે મેદપાટ ( મેવાડ ) ના અઘાટ સ્થાન ઉપર ચઢાઇ કરી તેનો નાશ કર્યો અને ગુર્જરેશને નસાડયો ત્યારે તેમના સૈન્યને આ ધવલરાજે આશ્રય આપ્યો હતો. આ મુંજરાજ તે પ્રોફેસર કીલહોર્નના જણાવ્યા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રમાણે માલવાનો સુપ્રસિદ્ધ વાક્પતિ મુંજ હોવો જોઇએ. કારણ કે તે વિ. સં. ૧૦૩૧ થી ૧૦૫૦ ની લગભગમાં વિદ્યમાન હતો. મેવાડના રાજાનું નામ જો કે સ્પષ્ટ રીતે આપેલું નથી પરંતુ તે વખતે ખુમાણ નામે ઓળખાતો રાજા રાજ્ય કરતો હોય તેમ જણાય છે. મેવાડનું અઘાટ તે હાલનું આહડ જ છે અને તે ઉદયપુરના નવા સ્ટેશનની નજદીકમાં આવેલું છે. આ સ્થાનથીજ ગહિલોત રાજપૂતોની ઉત્પત્તિ છે અને તેઓ આહડિઆના નામે પણ હજી ઓળખાય છે. તેમજ ગુજરાતના નૃપતિનું નામ પણ આપવામાં આવેલું નથી પરંતુ સમયના સામિપ્યથી જણાય છે કે તે ચૌલુક્યવંશનો પહેલો મુળરાજ હોવો સંભવે છે, કે જેનું વર્ણન આગળના ૧૨ મા કાવ્યમાં કરેલું છે. ૧૧ મા કાવ્યમાં, ધવલરાજાએ, મહેન્દ્ર નામના રાજાને, દુર્લભરાજના પરાભવથી બચાવ્યાનું જણાવ્યુ છે. પ્રોફેસર કીલહોર્ન દુર્લભરાજને, વિ. સં. ૧૦૩૦ માં લખાએલા હર્ષશિલાલેખમાંના ચૌહાનરાજા વિગ્રહરાજનો ભાઈ જણાવે છે. બીજોલિયા અને કીનસરીઆ લેખોમાં પણ દુર્લભ-રાજનું નામ આવેલું છે. મહેન્દ્રરાજા પણ ઉક્ત પ્રોફેસરના મત મુજબ, નાડુલાના ચૌહાનોના લેખમાં જણાવ્યા પ્રમાણે લક્ષ્મણનો પૌત્ર અને વિગ્રહપાલનો પુત્ર થતો હતો.

૧૨ મા કાવ્યમાં જણાવવામાં આવ્યું છે કે જ્યારે મુલરાજે ધરણીવરાહ ઉપર ચઢાઈ કરી તેના રાજ્યનો નાશ કર્યો ત્યારે અનાશ્રિત એવા ધરણીવરાહને ધવલે આશ્રય આપી તેનું રક્ષણ કર્યું હતું. આમાં જણાવેલો મુલરાજ તે તો નિસ્સંદેહ રીતે ઉપર જણાવેલો ચૌલુક્ય મુલરાજજ છે. પરંતુ આ ધરણીવરાહ કોણ છે તે નિશ્ચિત કળી શકાતું નથી. કદાચિત્ પરમારવંશનો એ રાજા હશે અને તે દંતકથા પ્રમાણે તે નવકોટી મારવાડનો રાજાને હતો. આ નવકોટ તેના જુદા જુદા ભાઈઓ વચ્ચે વહેંચી લેવામાં આવ્યા હતા એવી હકીકત કેટલાક જુના હિન્દી કાવ્યોમાં જોવામાં આવે છે. ૧૩ થી ૧૮ સુધીના પદ્યોમાં, સામાન્ય રીતે ધવલના ગુણો વર્ણવામાં આવ્યા છે. ઐતિહાસિક હકીકત કાંઈ નથી. ૧૯ મા પદ્યમાં, તેણે વૃદ્ધાવસ્થા આવેલી જાણી



Jain Education International      For Private & Personal Use Only      www.jainelibrary.org

પોતાના પુત્ર બાલપ્રસાદને રાજ્યપાટ ઉપર બેસાડી પોતે સંસારથી મુક્ત થયો, એમ જણાવેલું છે. ૨૦–૨૧ કાવ્યો પણ સામાન્ય પ્રશંસા કરનારાં જ છે. ૨૨ મા શ્લોકમાં, એ રાજાની રાજધાનીનું નામ છે જે હસ્તિકુંડી ( હથુંડી ) ના નામે પ્રસિદ્ધ હતી. ૨૩ થી ૨૭ સુધીનાં કાવ્યોમાં એ નગરીનુંજ વર્ણન છે જે આલંકારિક હોઇ ઐતિહાસિક હકીકતથી રહિત છે.

૨૮ માં પદ્યમાં કથન છે કે, એ સમૃદ્ધ અને પ્રસિદ્ધ નગરીમાં શાંતિભદ્ર નામના એક પ્રભાવક આચાર્ય રહેતા હતા જેમનો મ્હોટા મ્હોટા નૃપતિઓ પણ ગૌરવ કરતા હતા. ૨૯ મો શ્લોક પણ એજ સૂરિની પ્રશંસાત્મક છે. ૩૦ માં કાવ્યમાં, શાંતિભદ્ર સૂરિને વાસુદેવ નામના આચાર્યની પદવી–ગાદી ઉપર પ્રતિષ્ઠિત થયેલા જણાવ્યા છે. આ વાસુદેવ તે, ઉપર ૬ ઠ્ઠા કાવ્યમાં જણાવેલા વિગ્રહરાજના ગુરૂ વાસુદેવજ છે. ૩૧–૩૨ માં કાવ્યોમાં શાંતિભદ્ર સૂરિની પ્રશંસાજ ચાલુ છે અને ૩૩ માં પદ્યમાં જણાવે છે કે, એ સૂરિના ઉપદેશથી, ત્યાંના ગોષ્ઠિ ( ગોઠી–સંઘ ) ઓએ પ્રથમ તીર્થંકર–ઋષભદેવના મંદિરનો પુનરૂદ્ધાર કર્યો. પછીના બે શ્લોકો એ મંદિરના આલંકારિક વર્ણન રૂપે લખાયલા છે. ૩૬–૩૭ માં કાવ્યમાંથી આપણને જણાય છે કે એ મંદિર પૂર્વે વિદગ્ધ રાજાએ બંધાવ્યું હતું અને તે જીર્ણ થઈ જવાના લીધે તેનો ઉદ્ધાર કરવામાં આવ્યો હતો. જ્યારે મંદિર ફરી તૈયાર થઇ ગયું ત્યારે સંવત્ ૧૦૫૩ ના માઘ સુદી ૧૩ ના દિવસે શાંતિસૂરિએ પ્રથમ તીર્થંકરની સુંદર મૂર્તિ પ્રતિષ્ઠિત–સ્થાપન કરી.

૩૮ માં પદ્યમાં, પૂર્વે વિદગ્ધરાજાએ પોતાના શરીરના ભાર પ્રમાણે સુવર્ણ તોલીને દાન કર્યું હતું તેનું સ્મરણ કરાવ્યું છે તથા ધવલરાજાએ પોતાના પુત્રની સાથે વિચાર કરીને અરઘટ્ટ સહિત પીપ્પલ નામનો કુવો મંદિરને ભેટ કર્યો હતો, તે જણાવ્યું છે. ૩૯ માં પદ્યમાં મંદિરની યાવચ્ચંદ્ર–દિવાકરૌ સુધી વિદ્યમાનતા માટે પ્રાર્થના કરવામાં આવી છે અને અંતિમ એટલે ૪૦ માં કાવ્યમાં, આ પ્રશસ્તિ કર્તા સૂરાચાર્યનું નામ અને પ્રશસ્તિની પ્રશંસા કરેલી છે.



Jain Education International  For Private & Personal Use Only  www.jainelibrary.org

આ પછી એક પંક્તિ ગદ્યમાં લખેલી છે અને તેમાં પ્રતિષ્ઠાની મિતિ વગેરે જણાવી છે. જેમકે, સંવત્ ૧૦૫૩ ના માઘ સુદી ૧૩ રવિવાર અને પુષ્ય નક્ષત્રના દિવસે—પ્રો. કીલહોર્નની ગણત્રી પ્રમાણે ઇ. સ. ૯૯૭ ના જાનુઆરી માસની ૨૪ મી તારીખે—ઋષભદેવની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી તથા મંદિરના શિખર ઉપર ધ્વજારોપણ કર્યું. આ મૂળનાયક આદિનાથની પ્રતિમા, નાહુક, જિંદ, જસ, શંપ, પૂરભદ્ર અને ગોમી નામના શ્રાવકોએ, કર્મબંધનના નાશને અર્થે અને સંસાર સમુદ્રથી પાર થવાના અથે પોતાના ન્યાયોપાર્જિત દ્રવ્ય વડે કરાવી છે. ”

આના પછી બીજો લેખ પ્રારંભ થાય છે. આ લેખનાં એકંદર ૨૧ પદ્યો છે. આ લેખ ઉપરના લેખને મળતોજ છે. કારણ કે ઉપરના લેખમાં ઉક્ત મંદિર અને આચાર્યને રાજ્ય તરફથી જે ભેટો આપ્યાનું જણાવ્યું છે તેમનુંજ આ લેખમાં જરાક વધારે સ્પષ્ટીકરણ કરેલું જોવામાં આવે છે.

પહેલા શ્લોકમાં જૈન ધર્મની પ્રશંસા કરેલી છે. ૨ જા પદ્યમાં હરિવર્મ રાજાનું, ૩ જામાં વિદગ્ધ રાજાનું અને ૪ થામાં મંમટ રાજાનું વર્ણન છે. મંમટ રાજાએ પોતાના પિતાના દાનપત્રમાં પોતા તરફથી વળી કાંઇક વધારે ઉમેરો કરી, તેનું યથાવત્ પાલન કરવા માટે ફરી નવું શાસન ( આજ્ઞાપત્ર ) કાઢયું હતું. બલભદ્ર આચાર્યની આજ્ઞાથી–ઉપદેશથી વિદગ્ધરાજે હસ્તિકુંડીમાં એક મનોહર મંદિર બનાવ્યું હતું. તે મંદિરમાં નાનાદેશોમાંથી આવેલા લોકોને બોલાવીને તેણે આ પ્રમાણે શાસનપત્ર કરી આપ્યું હતું ( ૫–૭ ):—(૧) વેચવા માટે માલ ભરી લાવ–જાવ કરનારા દરેક વીસ પોઠિયા દીઠ ૧ રૂપિઓ; (૨) માલ ભરેલી આવતી–જતી દરેક ગાડા દીઠ ૧ રૂપિઓ; (૩) તેલની ઘાણી ઉપર દર ઘડા દીડ એક કર્ષ; (૪) ભાટો પાસેથી પાન ( નાગરવેલ ) ની ૧૩ ચોલિકા; (૫) સટોરિઆ–જુગારિઓ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાસેથી દર મનુષ્યે એક પેલ્લક; ( ૬ ) પ્રત્યેક અરઘટ્ટ ( અરટ્ટ—કુવા ) દીઠ ૪ શેર ગહુ તથા જવ; (૭) પ્રત્યેક પેડ્ડા પ્રતિપાંચ પાંચ પળ; ( ૮ ) દર ભાર ( ૨૦૦૦ પળનો એક ભાર ) ઉપર વિંશોપકા નામનો એક ચલણી શિક્કો. ( ૯ ) કપાસ, કાંસુ, કુંકુમ અને મંજીઠ વગેરે કયાણાની દરેક ચીજના દર ભાર દીઠ દશ દશ પળ; ( ૧૦ ) ગહું, જવ, મગ, મીઠું, રાળ આદિ જાતની ચીજોના પ્રત્યેક દ્રોણે એક માણક; ઇત્યાદિ. આ પ્રમાણે વિદગ્ધરાજાએ દાન તરીકે આપ્યું હતું તેમાંથી $\frac{1}{3}$ ભાગ ભગવાન્ ( મંદિર ) માટે લઇ જવામાં આવતો અને $\frac{2}{3}$ ભાગ આચાર્યના વિદ્યાધન તરીકે ખર્ચવામાં આવતો. ( ૮–૧૮ ) સંવત્ ૯૭૩ ના આષાઢ માસમાં આ પ્રમાણે વિદગ્ધરાજાએ શાસનપત્ર કર્યું હતું અને સં. ૯૯૬ ના માઘ માસની વદી ૧૧ ના દિવસે મંમટરાજાએ ફરી તેનું સંમર્થન કર્યું હતું. ( ૧૯–૨૦ ) અંતિમ પદ્યમાં જણાવેલું છે કે, આ જગત્માં જ્યાંસુધી પર્વત, પૃથ્વી, સૂર્ય, ભારતવર્ષ, ગંગા, સરસ્વતી, નક્ષત્ર, પાતાલ અને સાગર વિદ્યમાન રહે ત્યાંસુધી આ શાસનપત્ર કેવશસૂરિની સંતતિમાં ચાલતું રહો. અંતે ફરી ગદ્યમાં ૯૭૩ અને ૯૯૬ ની સાલો આપી સત્યયોગેશ્વર નામના સૂત્રધારે આ પ્રશસ્તિ કોતરી, એમ જણાવી લેખ સમાપ્ત કર્યો છે.

## ( ૩૧૯—૩૨૨ ).

આ નંબરોવાળા લેખો હથુંડી ( હસ્તિકુંડી ) ગામથી ૧ માઇલ દૂર આવેલા મહાવીર–મંદિરમાંના જુદા જુદા સ્તંભો ઉપર કોતરેલા છે, અને મ્હને શ્રીયુત ડી. આર. ભાંડારકર એમ. એ. તરફથી મળેલા છે. એ સ્થાન ઘણા જુના કાલથી રાતા–મહાવીરના નામે પ્રસિદ્ધ છે. અને એક તીર્થ સ્થળ તરીકે ગણાય છે. ઉપરનો મ્હોટો શિલાલેખ પણ કર્નલ ટૉડને આજ મંદિરમાંની એક ભીંતમાંથી મળી આવ્યો હતો. ઉપરના લેખમાં જણાવ્યા પ્રમાણે આ સ્થળે મુખ્ય કરીને ઋષભદેવ–મંદિર હોવું જોઇએ પરંતુ વર્તમાનમાં તો મહાવીર–મંદિર વિદ્યમાન છે; અને એ મહાવીર–મંદિર પણ ઘણા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વર્ષોનું જુનું હોય તેમ આ નીચેના લેખો ઉપરથી સ્પષ્ટ જણાય છે. કારણ કે એ લેખોમાં એજ મંદિરનો મુખ્ય ઉલ્લેખ છે. આ વિષયમાં વિજયધર્મસૂરિ તરફથી પ્રકટ થયેલા ' ઐતિહાસિક રાસ-સંગ્રહ ' ના બીજા ભાગના પરિશિષ્ટ ' ઘ ' ની ટીપમાં કેટલીક હકીકત લખાયલી છે, તે અત્ર ઉપયોગી હોવાથી ટાંકવામાં આવે છે.

" વર્તમાનમાં આ ગામને હથુંડી કહેવામાં આવે છે. પહેલાં આ ગામ એક તીર્થ તરીકે મશહુર હતું. અહીંના મહાવીર સ્વામીનું નામ પ્રાચીન તીર્થમાળાઓમાં કેટલેક સ્થળે મળે છે. મુનિરાજ શીલવિજયજીએ પોતાની તીર્થમાળામાં લખ્યું છેઃ—

' રાતોવીર પુરી મન આસ. '

જિનતિલકસૂરિએ પોતાની તીર્થમાલામાં, મહાવીરનાં મંદિરો હોવામાં જે જે ગામોનાં નામ લીધાં છે, તેમાં હથુંડીનું નામ પણ લીધું છે. આથી સ્પષ્ટ જણાય છે કે અહિં મહાવીર સ્વામીનું મંદિર હતું. અત્યારે મહાવીરસ્વામીનું * મંદિર છે, પરંતુ તે ગામથી અડધો ગાઉ દૂર છે. સંભવ છે કે ગામની દિન પ્રતિદિન પડતીના લીધે આ મંદિર જંગલમાં પડી ગયું હશે.

બીજી તરફ આ શિલાલેખ ઉપર વિચાર કરતાં આ ગામમાં ઋષભદેવસ્વામીનું મંદિર હોવાનું જણાય છે પરંતુ વર્તમાનમાં નથી. શું ઋષભદેવસ્વામીનું મંદિર તેજ આ મહાવીરસ્વામીનું મંદિર તો નહિં હોય ? આની પુષ્ટિમાં એક બીજું પણ કારણ મળે છે. તે એકે પહેલ વહેલાં કેપ્ટન બર્ટને આ શિલાલેખ, આ ( મહાવીરસ્વામીના ) મંદિરની ભીંતમાંથી મળ્યો હતો, આથી એમ કલ્પના થઇ શકે કે, પહેલાં આ મંદિરમાં ઋષભદેવ ભગવાન હશે. અને પાછળથી મહા-

---

* તીર્થમાળા આદિમાં જણાવેલું મંદિર તે આજ મંદિર છે- બીજું નથી. કારણ કે નીચેના લેખોમાં, જે ચૌદમીશતાબ્દીના જેટલા જુના છે, એ મંદિરને સ્પષ્ટ રીતે ' રાતા-મહાવીર ' નું મંદિર જણાવેલું છે.— **સંગ્રાહક.**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વીરસ્વામી બિરાજમાન કર્યા હોય. કદાચિત્ એમ પણ હોઈ શકે કે આ મંદિર સિવાય બીજું એક મંદિર ઋષભદેવસ્વામીનું હોય, અને તે મંદિર પડી જતાં ત્હેમાંનો શિલા લેખ આ મંદિરમાં મુકવામાં આવ્યો હોય.

આ ઉહાપોહની સાથે લાવણ્યસમયનું વચન પણ સરખાવવું જરૂરનું છે. લાવણ્યસમય બલિભદ્ર ( વાસુદેવસૂરિ ) રાસની અંદર લખે છેઃ—

હસ્તિકુંડ એહવઉ અભિધાન સ્થાપિઉ ગચ્છપતિ પ્રગટ પ્રધાન.
મહાવીરકેરઇ પ્રાસાદિ વાજઈં ભૂંગલ ભેરીનાદિ.

અહિં મહાવીરનું મંદિર હોવાનું કહે છે. આમાં પણ લગાર વિચારવા જેવું છે. લાવણ્યસમયના આ વચનથી, બે કલ્પનાઓ થાય છે. યા તો લાવણ્યસમયે બીજા કોઈ પ્રાચીન ગ્રન્થ લેખના આધારે મહાવીરસ્વામીના મંદિરનું નામ લખ્યું હશે. અથવા તો ત્હેમના પોતાના સમયમાં મહાવીરસ્વામીનું મંદિર હોવાથી ત્હેનું નામ લીધું હશે.

ગમે તેમ, પણ અત્યારે લેખમાં વર્ણવેલાં ઋષભદેવસ્વામીની પ્રતિમાવાળું અહિં વર્તમાનમાં એકે મંદિર નથી. અને જે છે તે ગામથી અડધો ગાઉ દૂર રાતા મહાવીરનું મંદિર છે. ગામમાં શ્રાવકનું માત્ર એકજ ઘર છે.

પહેલાં અહિં રાઠોડોનું રાજ્ય હતું. ત્હેમાંના કેટલાક રાઠોડો જૈન થયા હતા, કે જેઓ હથુંડીયા કહેવાયા હતા. વાલી, સાદડી, સાંડેરાવ વિગેરે મારવાડનાં કોઈ કોઇ ગામોમાં આ હથુંડીયા શ્રાવકોની થોડી ઘણી વસ્તી જોવામાં આવે છે. વળી હસ્તિકુંડીના નામથી સ્થપાયેલા હસ્તિકુંડીગચ્છમાં થયેલા વાસુદેવાચાર્યે ( ઉપરના લેખમાં વર્ણવેલ વાસુદેવાચાર્ય નહિં, પરંતુ ત્હેમની પાટપરંપરામાં થયેલ) સં. ૧૩૨૫ ના ફાલ્ગુન સુદિ ૮ ને ગુરૂવારે કરેલી પ્રતિષ્ઠાવાળી શ્રીઋષભદેવસ્વામીની મૂર્તિ ઉદેપુરના બાબેલાના મંદિરમાં છે."



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩૧૯ નંબરવાળો લેખ રાતામહાવીરના મંદિરના સભામંડપમાંના એક સ્તંભ ઉપર ૧૪ પંક્તિઓમાં કોતરેલો છે. સંવત્ ૧૩૩૫ ના શ્રાવણ વદિ ૧ ના દિવસે સમીપાટિ ( સેવાડી ) નામના ગામની મંડપિકા ( માંડવી-જ્યાં આગળ જકાત વિગેરે ચુકવવામાં આવે છે ) માં, ભાંપા હટઉ, ભાંવા પયરા, મહ૦ સજનઉ, મહં૦ ધીણા મહં૦ ધણસીનઉ અને ઠ૦ દેવસીહ આદિ પંચકુલે ( પંચે ) શ્રીરાતામહાવીરના નેચા માટે વર્ષદહાડે ૨૪ દ્રમ્મ આપવાનું ઠરાવ્યું છે, તેથી સમીપાટિની મંડપિકાવાળા દરેક પંચકુલે તે આપતા રહેવું; એમ જણાવવામાં આવેલું છે.

આજ લેખની નીચે ૬ પંક્તિમાં એક બીજો લેખ કોતરેલો છે, તેની મિતિ ૧૩૩૬ ની છે, અર્થાત્ ઉપરના લેખ પછી બીજી વર્ષે આ કોતરવામાં આવ્યો છે. આમાં જણાવેલું છે કે ઉપરના લેખમાં જે ૨૪ દ્રમ્મ આપવાનું ઠરાવ્યું છે તેમાં અરસિંહ નામના શેઠે, નાગ નામના શેઠના શ્રેય માટે ૧૨ દ્રમ્મનો વધારે ઉમેરો કર્યો અને એમ, દર વર્ષે ૩૬ દ્રમ્મ ઉકત મંદિર ખાતે આપવાનું સમિપાટીની મંડપિકામાંથી ઠરાવ્યું.

૩૨૦ નંબરનો લેખ પણ એજ સભામંડપના એક બીજા સ્તંભ ઉપર ખોદેલો છે. તેની ૨૧ પંકિતઓ છે. હકીકત આ પ્રમાણે છે:--- સંવત્ ૧૩૪૫ના પ્રથમ ભાદ્રવા વદિ ૯ શુક્રવારના દિવસે, નાડોલના ( ચાહમાન ) સામંતસિંહના રાજ્યકાલમાં, સમીપાટિના હાકેમ અને લલનાદિ પંચકુલે ઠરાવ કર્યો છે કે---સમિપાટિની મંડપિકામાં, સા. હેમાકે, હથુંડી ગામના શ્રી મહાવીર દેવના નેચા માટે દર વર્ષે ૨૪ દ્રમ્મ આપવાનું ઠરાવ્યું છે, તેથી તે પ્રમાણે આપતા રહેવું. કે ( કૃ ) ષ્ણ વિજયે આ લખ્યું છે.

૩૨૧ નંબરનો લેખ, એજ મંદિરની પૂર્વ બાજુની પરસાલ નીચે કોતરેલો છે. સં. ૧૨૯૯ ના ચૈત્ર શુદ્દી ૧૧ શુક્રવારના દિવસે, રત્નપ્રભ ઉપાધ્યાયના શિષ્ય પૂર્ણચંદ્ર ઉપાધ્યાયે બે આલક ( ગોખલા ) અને શિખરો કરાવ્યાં, એમ ઉલ્લેખ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩૨૨નો લેખ, અપૂર્ણ છે અને એજ મંદિરમાંના એક બીજા સ્તંભ ઉપર કોતરેલો છે.